**રાષ્ટ્રીય ફેશન પ્રૌદ્યોગિકી સંસ્થાન**

**(વસ્ત્ર મંત્રાલય, ભારત સરકાર)**

**હૌઝ ખાસ, નવી દિલ્હી - 110016, ભારત**

# ભારતના રાષ્ટ્રીય સાઈઝીંગ સર્વેક્ષણ (ઇન્ડિયા સાઈઝ)માં ભાગ લેવા માટેનું સંમતિ પત્રક

યૂનિક સ્કેન આઈડી ..........................................

**સંશોધન અભ્યાસ અંગેની સામાન્ય જાણકારી** - સંશોધન અભ્યાસનો હેતુ કોઈ એક ચોક્કસ વિષય અથવા મુદ્દાની વધુ સારી સમજ મેળવવાનો છે. આ પ્રકારના અભ્યાસ અથવા સર્વેક્ષણ સહભાગીઓને કોઈપણ પ્રકારના વ્યક્તિગત ફાયદા કે લાભની બાંહેધરી આપતા નથી. આ અધ્યયનમાં ભાગ લેવો એ સ્વૈચ્છિક છે અને સહભાગીઓ સ્વેચ્છાએ, કોઈ પણ દબાણ વગર, કોઈ દંડ વિના, કોઈપણ તબક્કે ભાગ ન લેવાનું પસંદ કરી શકે છે. આ સર્વેક્ષણમાં સહભાગી થવાની વિનંતી સહ, આ સંમતિ પત્રક આપને આ સંશોધન વિશે વિશિષ્ટ વિગતો પ્રદાન કરશે. સહભાગીઓનો એ અધિકાર છે કે તેઓ સ્થળ પર ઉપસ્થિત પ્રોજેક્ટ અધિકારીઓ પાસેથી અથવા સંમતિ પત્રકમાં ઉલ્લેખિત પ્રોજેક્ટ અધિકારીઓ પાસેથી પ્રસ્તાવિત સંશોધન વિશે કોઈ પણ સ્પષ્ટીકરણ અથવા માહિતી માંગી શકે છે. આ સંમતિ પત્રકની એક નકલ ભવિષ્યના સંદર્ભ માટે અને દસ્તાવેજીકરણ માટે સહભાગીઓને આપવામાં આવશે.

**ઈન્ડિયા સાઈઝ નામક આ સંશોધન અધ્યયનની પૃષ્ઠભૂમિ :** વસ્ત્ર મંત્રાલય, ભારત સરકારની આગેવાની હેઠળ રાષ્ટ્રીય ફેશન પ્રૌદ્યોગિકી સંસ્થાન (નિફ્ટ), નવી દિલ્હી દ્વારા આ સંશોધન સર્વેક્ષણ ભારતીય લોકોના કદ, કાઠી અને માપ અનુસાર એક વ્યાપક સાઈઝ ચાર્ટ, વસ્ત્ર અને પરિધાન ઉદ્યોગ માટે, વિકસિત કરવા માટે હાથ ધરવામાં આવી રહ્યો છે. આ સર્વેક્ષણ એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે જેમાં નમૂના / સેમ્પલ વસ્તીમાંથી 15 વર્ષથી 65 વર્ષ કે તેથી વધુ વયના સ્ત્રી - પુરૂષોના શારીરિક માપ એકત્રિત કરવામાં આવશે. તેમાં સહભાગીઓનું શારીરિક માપ, એક વિશિષ્ટ સ્કેન સૂટ પહેરીને,

Copyright © 2019 National Institute of Fashion Technology. All rights reserved.
This information cannot be circulated or used without prior approval of NIFT

સુરક્ષિત 3 ડી (3D) સ્કેનિંગ ટેક્નિક દ્વારા લેવામાં આવશે. આ પ્રક્રિયામાં શારીરિક માપ સંબંધી માહિતી ઉપરાંત વસ્તી વિષયક માહિતી પણ એકત્રિત કરવામાં આવશે, જેનો ઉપયોગ એકત્રિત માહિતીઓના વિશ્લેષણ માટે કરવામાં આવશે.

**સર્વેક્ષણના ઉદ્દેશ્ય અને લાભ :** આ સંશોધનનું લક્ષ્ય પરિધાન માપણી પદ્ધતિઓમાં પ્રવર્તતી અસમાનતાઓ અને વિસંગતિઓને દૂર કરીને વસ્ત્રોના માપનમાં વધારે ચોકસાઈ મેળવવાનું છે. ભારતીય લોકો માટે અને ભારતીય વસ્ત્ર પરિધાન ક્ષેત્ર માટે પરિધાન સાઈઝ ચાર્ટ (તૈયાર વસ્ત્રો માટે) માનક બનાવવાનો આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ સંશોધનના નિષ્કર્ષો પરિધાન ઉપરાંત મોટર વાહન, એરોસ્પેસ, ફિટનેસ અને રમત ગમત, કલા, કમ્પ્યુટર ગેમિંગ, ચિકિત્સા જેવાં વિભિન્ન ક્ષેત્રોમાં પ્રભાવી બનશે, જ્યાં આ માહિતી દ્વારા ભારતીય લોકો માટે ઉત્તમ ગુણવત્તાવાળા સુગમ અને અનુકૂળ ઉત્પાદનોનું નિર્માણ શક્ય બનશે.

**સમય અને પ્રક્રિયા :** સર્વેક્ષણમાં ભાગ લેવા માટે સંમત થનાર સહભાગીએ નીચે જણાવેલ પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.

1) ઓપરેટર દ્વારા (સહભાગીને) સર્વેક્ષણની પ્રારંભિક જાણકારી આપવામાં આવશે અને એક સ્કેન આઈડી સુપ્રત કરવામાં આવશે. (5 મિનિટ)
2) સહભાગી દ્વારા સર્વેક્ષણમાં ભાગ લેવા માટેનું સંમતિ પત્રક વાંચવું અને તે ભરવું. (5 મિનિટ)
3) સામાજિક વસ્તી વિષયક પ્રશ્નાવલી ભરવી, જેમાં ફરજીયાત અને મરજિયાત પ્રશ્નો છે, મરજિયાત પ્રશ્નોના ઉત્તર આપવાનું સહભાગીની ઈચ્છા ઉપર નિર્ભર છે, તેમ છતાં સહભાગીને વિનંતી કે તેઓ અધિકતમ સંખ્યામાં આ પ્રશ્નોના ઉત્તરો આપવાનો પ્રયાસ કરે. (વધુમાં વધુ 10 મિનિટ)
4) કેટલાક સહભાગીનાં શારીરિક માપ માપપટ્ટીની મદદથી જાતે લેવામાં આવશે અને ઊંચાઈ સ્ટેડિયોમીટરથી માપવામાં આવશે, ઓપરેટર દ્વારા કુલ છ શારીરિક માપ લેવામાં આવશે. (5 મિનિટ)
5) બૉડી સ્કેનરની બાજુના ડ્રેસિંગ રૂમમાં સહભાગીએ સ્કેનિંગ સૂટ પહેરવો અને સ્કેનિંગ કપડાંઓમાં બે મુદ્રાઓમાં (1 બેઠેલી અને 1 ઉભી મુદ્રામાં) શરીર સ્કેન કરાવવું (15 મિનિટ) અને,

Copyright © 2019 National Institute of Fashion Technology. All rights reserved.
This information cannot be circulated or used without prior approval of NIFT

6) સહભાગી દ્વારા સ્કેનિંગ સૂટ કાઢીને પોતાનો મૂળ પોશાક પહેરવો અને જતાં પહેલાં આભાર પત્ર મેળવી લેવો. (5 મિનિટ)

સ્કેનિંગ પોશાક ઉપરી સ્કેન સૂટ અને નિમ્ન સ્કેન સૂટ એમ બે ભાગનો બનેલો છે. જો સહભાગીએ યોગ્ય આંતર વસ્ત્ર નહિ પહેરેલ હોય તો તેમને, શરીરના માપની ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે, યોગ્ય આંતર વસ્ત્ર પ્રદાન કરવામાં આવશે. એ સુનિશ્ચિત કરવામાં આવશે કે આપવામાં આવેલ આંતર વસ્ત્ર નવા હોય અને અંતતઃ એ વસ્ત્રો સહભાગીને સ્મૃતિ ચિહ્નના રૂપમાં પ્રદાન કરવામાં આવશે. શરીર સ્કેન કરતી વખતે સ્કૅનર ડેપ્થ સેન્સર ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે જે સહભાગીના સ્વાસ્થ્ય માટે સુરક્ષિત છે. ઉપરોક્ત સૂચિબદ્ધ પ્રક્રિયાઓ માટે થનાર કુલ સમય 45 મિનિટ છે.

**સ્કેનિંગ પ્રક્રિયાનું જોખમ :** આ 3 ડી (3 D) શરીર સ્કેનિંગ પ્રક્રિયા માનવ સ્વાસ્થ્ય માટે સુરક્ષિત છે. આ પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાનાર સાઇઝ઼સ્ટ્રીમ 3 ડી (3 D) બૉડી સ્કેનર પૂર્ણપણે મૂલ્યાંકન કરાયેલ છે અને તે માનવ સ્વાસ્થ્ય માટે કોઈ રીતે હાનિકારક નથી. આ સંબંધી સુરક્ષા માનક પ્રમાણપત્ર કેન્દ્ર પ્રબંધક પાસે ઉપલબ્ધ છે અને સંમતિ પત્રક પર હસ્તાક્ષર કરતાં પહેલા સહભાગી આ વિષય પરત્વેની ચકાસણીની વિનંતી કરી શકે છે.

**ગોપનીયતા :** અધ્યયન દરમ્યાન એકત્રિત કરવામાં આવેલી વ્યક્તિગત માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે અને તેને ક્યારેય કોઈ સાથે વહેંચવામાં નહિ આવે. સહભાગીના સ્કેન ડેટા અને અન્ય જાણકારીઓને કેવળ ભારત સરકાર દ્વારા અનુમોદિત ક્લાઉડ સેવાઓ દ્વારા સંગ્રહિત કરવામાં આવશે. ડેટા પૂર્ણતઃ સુરક્ષિત રૂપથી બંધ ફ઼ાઇલોમાં જ સંગ્રહિત કરવામાં આવશે. ગોપનીયતા જળવાઈ રહે તે માટે કોઈ પણ મૌખિક અથવા તો લેખિત અહેવાલમાં સહભાગીઓના નામ અથવા ઓળખ વિશે કોઈ સંદર્ભ આપવામાં આવશે નહીં. પ્રોજેક્ટના ભાગ રૂપે એકત્રિત કરવામાં આવેલી માહિતીનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક હેતુ માટે થશે નહીં અને તેનો ઉપયોગ ફક્ત પ્રોજેક્ટના ક્ષેત્રમાં નિર્ધારિત ઉદ્દેશ્ય માટે જ કરવામાં આવશે.

**આભાર પ્રદાન :** સ્કેન સૂટ એક સ્મૃતિ ચિહ્નન રૂપે સહભાગીને ભેટ આપવામાં આવશે, તે ઉપરાંત સહભાગીને સર્વેક્ષણમાં ભાગ લેવા માટે ભેટ તરીકે 500/- રૂપિયાનું ગિફ્ટ વાઉચર પ્રાપ્ત થશે જે સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ આપવામાં આવશે. જો સહભાગી સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થયા પહેલાં સર્વેક્ષણ છોડીને જવા ઇચ્છતા હોય તો તે સંજોગોમાં સહભાગી આમાંની કોઈપણ વસ્તુ માટે હકદાર રહેશે નહિ.

Copyright © 2019 National Institute of Fashion Technology. All rights reserved.
This information cannot be circulated or used without prior approval of NIFT

**નિફ્ટના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ :** આ અધ્યયનમાં ભાગ લેવો એ શૈક્ષણિક અભ્યાસક્રમ અથવા નોકરીની આવશ્યકતા નથી અને આ સર્વેક્ષણમાં સહભાગિતા કરવી અથવા ના કરવી તે નિર્ણય કોઈપણ કરાર, ગ્રેડ અથવા મૂલ્યાંકન અથવા નોકરીને કોઈ પણ રીતે અસર કરશે નહીં.

**આ અધ્યયનના વિષયમાં તપાસ :** આ અધ્યયન વિશે વધુ માહિતી અથવા તપાસ માટે india.size@nift.ac.in પર ઈ-મેલ મોકલી શકાશે.

પ્રોજેક્ટના પી. આઈ. - ડૉ. નૂપુર આનંદ પ્રોફેસર, નિફ્ટ, દિલ્હી

પ્રોજેક્ટના સહ પી. આઈ. - ડૉ. મોનિકા ગુપ્તા પ્રોફેસર, નિફ્ટ, દિલ્હી

..........................................................................................................................................

| મહેરબાની કરી સહભાગીઓના વય જૂથ તપાસો | |
|---|---|
| 15 વર્ષથી વધુ અને 18 વર્ષથી ઓછી વયના સહભાગી | 18 વર્ષથી 65 વર્ષ અને તેથી વધુ વયના સહભાગી |
| સહભાગીનું નામ:______________________<br><br>સહભાગીના માતા-પિતા / વાલી / કાનૂની પ્રતિનિધિનું નામ:______________________<br><br>__________________________________<br><br>સહભાગીના માતા-પિતા / વાલી / કાનૂની પ્રતિનિધિનો ફોન નંબર:_________________<br><br>માતા-પિતા / વાલી / કાનૂની પ્રતિનિધિ સહભાગીનું કે માતા-પિતા / વાલી / કાનૂની પ્રતિનિધિનું ઈ-મેલ:__________________<br>સહભાગી / માતા-પિતા / વાલી / કાનૂની પ્રતિનિધિ સહભાગીનું કે માતા-પિતા / વાલી / | સહભાગીનું નામ:______________________<br>સહભાગીનો ફોન નંબર__________________<br>સહભાગીનું ઈ-મેલ_____________________<br>સરનામુ____________________________<br><br>__________________________________<br><br>__________________________________<br><br>સાક્ષીનું નામ (અશક્ત સહભાગીની સ્થિતિમાં)<br><br>_________________________________<br><br>સાક્ષીનો ફોન નંબર__________________<br>સાક્ષીનું ઈ-મેલ_____________________<br>સાક્ષીનું સરનામુ______________________ |

Copyright © 2019 National Institute of Fashion Technology. All rights reserved.
This information cannot be circulated or used without prior approval of NIFT

| | |
|---|---|
| કાનૂની પ્રતિનિધિનું સરનામુ:<br><br>________________________________<br><br>________________________________ | ________________________________<br><br>________________________________ |
| એક મૌખિક સંમતિ પત્રક સગીર સહભાગીને વાંચી સંભળાવવામાં આવ્યું છે અને સગીરની સંમતિ પ્રાપ્ત થઇ છે.<br><br>સગીર સહભાગીની સહી:________________<br><br>માતા-પિતા / વાલી / કાનૂની પ્રતિનિધિની કાઉન્ટર સહી:______________________<br><br>તારીખ:___________________________ | સહભાગીની સહી:_____________________<br><br>પ્રક્રિયાને સંપૂર્ણ અને યોગ્ય રીતે સહભાગીને સમજાવવામાં આવી છે જે આ સર્વેક્ષણમાં સ્વેચ્છાએ ભાગ લઈ રહ્યા છે.<br><br>સાક્ષી ની સહી:_____________________<br>(અશક્ત સહભાગીની સ્થિતિમાં)<br><br>તારીખ:__________________________ |

ભાગ લેવા માટેની સંમતિ

- ☐ "મેં ઉપરોક્ત જાણકારી વાંચી લીધી છે / મૌખિક રીતે સમજાવવામાં આવી છે અને સ્પષ્ટપણે સમજી લીધી છે. આ ફોર્મની એક નકલ પણ મને મળી ગઈ છે. હું કોઈ પણ ભય કે દબાણ વિના આ સર્વેક્ષણ / અધ્યયનમાં સ્વૈચ્છિક રીતે ભાગ લેવા સંમત છું, તે સમજ સાથે કે મને પ્રક્રિયામાં ભાગ ના લેવાની કે કોઈ પણ સમયે સ્વેચ્છાએ આ પ્રક્રિયામાં આગળ ભાગ ન લેવાનું નક્કી કરવાની છૂટ છે, પરંતુ તેમ કરવાથી હું એ લાભોથી વંચિત રહીશ જેને માટે હું અન્યથા હકદાર બનત."
- ☐ "હું INDIAsize પ્રતિનિધિને ભવિષ્યમાં કોઈ પણ પૂછ-તાછ કે માહિતી માટે મારો ફરીથી સંપર્ક કરવાની સંમતિ આપું છું."

સહભાગીની સહી:________________

સ્થળ પ્રભારીની સહી____________ સ્થળ:__________ શહેર:___________ તારીખ:_____

Copyright © 2019 National Institute of Fashion Technology. All rights reserved.
This information cannot be circulated or used without prior approval of NIFT

રાષ્ટ્રીય ફેશન પ્રૌદ્યોગિકી સંસ્થાન

(વસ્ત્ર મંત્રાલય, ભારત સરકાર)

હૌઝ ખાસ, નવી દિલ્હી - 110016, ભારત

# ભારતના રાષ્ટ્રીય સાઈઝીંગ સર્વેક્ષણ (ઇન્ડિયા સાઈઝ)માં ભાગ લેવા માટેનું સંમતિ પત્રક

## સ્કેનિંગ સાઈટ પરની પ્રવૃત્તિઓનું ચેક લિસ્ટ

તારીખ :

સ્થળ :

| પ્રવૃત્તિ | પૂર્ણ થઇ ? | | પ્રવૃત્તિ પ્રભારીની સહી |
|---|---|---|---|
| બાયો-મેટ્રિક | હા | ના | |
| સામાજિક વસ્તી વિષયક પ્રશ્નાવલી માહિતી એકત્રીકરણ | હા | ના | |
| સ્કેન સૂટ આપવામાં આવ્યો છે ? | હા | ના | |
| 3 ડી સ્કેનિંગ | હા | ના | |
| ગિફ્ટ વાઉચર | હા | ના | |
| | | | |
| સહભાગીની સહી | | | |

Copyright © 2019 National Institute of Fashion Technology. All rights reserved.
This information cannot be circulated or used without prior approval of NIFT